# ભારતીય બંધારણમાં પર્યાવરણ સુરક્ષા અંગેની જોગવાઈઓનો અભ્યાસ

વિઠલભાઈ સી. રાઠવા
પીએચ. ડી. સંશોધન અભ્યાસક,
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

## ૧. પ્રાસ્તાવિક

ભારતનું બંધારણ 1950 ની 26મી જાન્યુઆરીથી અમલમાં આવ્યું. તે સમયે બંધારણમાં પર્યાવરણ સુરક્ષાને સ્પર્શતી કોઈ સીધી જોગવાઈ ન હતી. બંધારણના અનુચ્છેદ 47માં રાજ્યના માર્ગદર્શક સિધ્ધાંતોમાં રાજ્યની ફરજ જણવેલ હતી. 1972માં સ્ટોકહોમમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભારતના તે સમયના વડાપ્રધાન શ્રીમતી ઈન્દીરા ગાંધીએ ભાગ લીધો હતો. એ પરિષદને અંતે બહાર પાડેલ જાહેરનામું આપણા પર્યાવરણ કાયદાના મેગ્નાકાર્ટા તરીકે ઓળખાય છે. 1976માં બંધારણનો 42મો સુધારો થયો અને આ સુધારાથી અનુચ્છેદ 48A તથા 51A ઉમેરાયા. આમ, ભારતના બંધારણના અનુ. 47માં, 48A અને 51A માં પર્યાવરણ સુરક્ષા અંગેની જોગવાઈઓ જોવા મળે છે. પરંતુ મુશ્કેલી એ છે કે આ તમામ જોગવાઈઓ માત્ર માર્ગસૂચક છે. તેને રાજ્યાદેશનું બળ પ્રાપ્ત નથી. અનુ. 47, 48A માર્ગદર્શક સિદ્ધાંતોનાં પ્રકરણમાં આવે છે. જ્યારે અનુ. 51A મૂળભૂત ફરજોનું પ્રકરણ છે. આ તમામ જોગવાઈઓ બિનન્યાયક્ષમ (Non-justiceable) છે. સૌ પ્રથમ આ જોગવાઈઓ જોઈએ.

## ૨. અનુ. 47

જાહેર આરોગ્યની બાબતમાં સુધારો તથા લોકોના જીવનધોરણ અને પોષણના સ્તરમાં વૃદ્ધિ પ્રાપ્ત કરવાની રાજ્યની પ્રાથમિક ફરજ છે.

## ૩. અનુ. 48A

પર્યાવરણ સુરક્ષા અને સુધારણા માટે તથા દેશના વનો અને વન્ય જીવોની જાળવણી માટે રાજ્ય પ્રયત્ન કરશે. સાલ્વા એન્ડ એસોસીએટ્સ વિ. નેશનલ ટેરીટરી ઓફ દિલ્હી ના કેસમાં અરજદારને તેની ઓફીસ હેઠળ મોટર મિકેનીકની કામગીરીથી ઘોંઘાટ પ્રદૂષણ અનહદ પ્રમાણમાં થતું હતું. અરજદારે અનુ. 48A અને અનુ. 52A નો આશ્રય લેતા જણાવ્યું કે આ અનુચ્છેદ હેઠળ પર્યાવરણનું રક્ષણ કરવા રાજ્ય જવબદાર છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશને મોટર મીકેનીકે રસ્તા પર દબાણ કરીને મુકેલા વાહનો જપ્ત કરેલ હતા અને ફરી જરૂર જણાય ત્યારે વાહનો જપ્ત કરવાની ખાતરી આપી હતી. આ કેસમાં Noise Pollution (Regulation and Control) Rules, 2000ના R. 6નો ભંગ થતો હોવની ફરીયાદ કરવામાં આવી હતી. દિલ્હી મ્યુનિ. કોર્પોરેશને આપેલ ખાતરીના આધારે આ રીટનો નિકાલ કરાયો હતો. **શૈલેષ શાહ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં** પણ અનુચ્છેદ 48A અને અનુચ્છેદ 52Aને ધ્યાનમાં લઈ તળાવોની યોગ્ય જાળવણી કરવાનો આદેશ કરાયો હતો.

**અનુ. 51A : વનો, સરોવરો, નદીઓ તથા વન્ય જીવો સહિત કુદરતી પર્યાવરણનું રક્ષણ અને તેની સુધારણા કરવાની તથા જીવસૃષ્ટિ તરફ કરૂણા દર્શાવવાની દરેક નાગરીકની ફરજ રહેશે.**

**ટૂંકમાં જોઈએ, તો આ જોગવાઈઓમાં પર્યાવરણની સુરક્ષા કરવાની દરેક નાગરીક તથા રાજ્યની ફરજ નિર્દિષ્ટ કરાયેલ છે. આ જોગવાઈઓ** બિનન્યાયક્ષમ (Non-justiceable) હોવાથી તેની કોઈ અસરકારકતા હતી નહીં. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી પર્યાવરણને અનુ. 21 હેઠળ જીવન જીવવાના અધિકાર સાથે સાંકળી લેવામાં આવેલ છે. **સુભાષકુમાર વિ. સ્ટેટ ઓફ બિહાર**ના કેસમાં ઠરાવાયું છે કે દરેક નાગરીકને પ્રદૂષણમુક્ત હવા અને પાણી મેળવવાનો અધિકાર છે. અનુ. 21 હેઠળ પર્યાવરણ સુરક્ષા સાંકળી લેવામાં આવેલ હોવાથી તેને નવો જ વળાંક પ્રાપ્ત થયો.

**૪. અનુ. 21**

કિયદાએ સ્થાપિત કરેલ પ્રક્રિયા સિવાય કોઈ વ્યક્તિને તેના અંગત સ્વાતંત્ર્ય અને તેના જીવનથી વંચિત કરવામાં આવશે નહી. અનુ. 21 હેઠળ જીવનનો અધિકાર એટલે માત્ર આપણું અસ્તિત્વ ટકવી રાખવનો અધિકાર એવો મર્યાદિત અર્થ નથી કરવાનો. જીવનનો અધિકાર એટલે ગૌરવપૂર્વક જીવન જીવવાનો અધિકાર. ગૌરવપૂર્વક જીવનના અધિકારમાં પ્રદૂષણમુક્ત પાણી હવા મેળવવાના અધિકારનો પણ સમાવેશ થાય છે તે આપણે હમણા જ જોયું. **એક કેસ**માં દહેરાદૂન વિસ્તારમાં આવેલી ચુનાની ખાણોથી તે વિસ્તારમાં રહેતા લોકોની સલામતી અને આરોગ્યને અસર થતી હતી. સલામતી પગલાંઓ અપૂરતાં હોવાથી અદાલતે ખાણો બંધ કરવાનો હુકમ કર્યો હતો.

**શ્રી રામ ફૂડ એન્ડ ફર્ટિલાઈઝર કેસ**માં ઓલીઅમ ગેસ ગળતર થવાથી દિલ્હીમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. જાહેર હિતની અરજી થવાથી ઓપરેશન પ્લાન્ટના સંચાલનમાં થયેલ બેદરકારીના કારણે ગળતરની ઘટના બની હતી. આથી અદાલતે રૂ. 20 લાખ ડિપોઝીટ જમા કરવવાનો તથા રૂ. 15 લાખની બેંક ગેરંટી રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. આ શરતોને આધીન, અદાલતે પ્લાન્ટ અંશતઃ શરૂ કરવાની પરવાનગી આપી હતી. **એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈંડિયાના કેસ**માં કાનપુર નજીક આવેલ ચામડાનાં કારખાનાંઓથી ગંગા નદીમાં પ્રદૂષણ થતું હતું. તે રોકવા માટે અરજદારે જાહેર હિત (Public interest) ની અરજી કરી હતી. આ કેસમાં ઠરાવાયું કે પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) ધારો, અને પર્યાવરણ (સુરક્ષા) ધારાની જોગવાઈઓનો અમલ કરવવામાં સરકાર નિષ્ફળ ગયેલ છે. આથી અદાલતે ઉપર્યુક્ત કારખાનાંઓ બંધ કરવાનો આદેશ આપ્યો હતો.

એક કેસમાં રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના બિચારી ગામ નજીક રાસાયણિક કારખાનું નખાયું હતું. તેની પાસે જરૂરી લાયસન્સ ન હતું. તેમ જ ઝેરી વાયુના નિકાલ માટે કોઈ વ્યવસ્થા કરી ન હતી. આથી આસપાસના ગામોના કૂવાઓનું પાણી પ્રદૂષિત થવાથી પીવાલાયક રહ્યું નહીં. તેમ જ રોગચાળો ફેલાયો અને કેટલાક લોકોના મૃત્યુ પણ થયાં. લોકોનો વિરોધ થતાં ‘એચ’ એસીડનું ઉત્પાદન બંધ કરાયું હતું. આ કેસમાં ઠરાવાયું કે ખાનગી નિગમિત સંસ્થા (Private Corporate body) ના કોઈ કૃત્યથી જો કોઈ વ્યક્તિના મૂળભૂત અધિકારનો ભંગ થતો હોય, તો તે અનુ. 12ના અર્થમાં ‘રાજ્ય’ ન હોવાથી દલીલ સ્વીકારવામાં આવશે નહીં. જો અદાલતને એમ જણાય કે સંબંધિત સરકાર કે તંત્રે કાયદા મુજબના પગલાં લીધા નથી, તો યોગ્ય પગલાં લેવાની અદલતની ફરજ છે.

**એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈંડિયાના કેસમાં** ગંગા નદીના પાણીમાં થતું પ્રદૂષણ રોકવા માટે યોગ્ય દાદની અરજદારે માંગણી કરી હતી. પાણી (પ્રદૂષણ નિવારણ અને અંકુશ) ધારો હેઠળ રાજ્ય અને કેન્દ્ર સરકારની ફરજ હોવા છતાં, તે ફરજ ન બજાવતાં, અરજદારે આ માંગણી કરી હતી. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે અરજદાર ગંગા નદીના કીનારે વસતો ન હોવા છતાં પણ, તેને ગંગા નદીની આસપાસ રહેતા લોકોના આરોગ્યમાં રસ છે અને તેથી વૈધાનિક

જોગવાઈઓ (Statutory Provisions) ના અમલ માટે જાહેર હિતની અરજી કરી શકે છે. કારણ કે ગંગા નદીના કિનારે થતો ઉપદ્રવ જાહેર ઉપદ્રવ છે અને તે લોકોના ઘણા મોટા સમૂહને અસર કરે છે. તેથી કોઈપણ વ્યક્તિ આ પ્રદૂષણ રોકવા કાર્યવાહી કરી શકે છે. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે કાનપુર નગરમહાપાલિકાને પ્રદૂષણ થતું અટકાવવા માટે દરખાસ્ત રજૂ કરવા હુકમ કર્યો હતો. આ કેસમાં મૃતદેહો કે અર્ધબળેલાં શબોને ગંગામાં ન ફેંકવામાં આવે તેમ જ નદીની નજીક કારખાનાં માટે મંજૂરી ન આપવામાં આવે તેની તકેદારી માટે સર્વોચ્ચ અદાલતે આદેશ કર્યો હતો.

**કાઉન્સિલ ફોર એન્વાયરો લીગલ એક્શન વિ. યુનિયન ઓફ ઈંડિયાના કેસમાં** દરિયા કિનારા વિસ્તારમાં સરકારી જાહેરનામાંનો ભંગ કરીને સરકાર તરફથી જ કારખાનાં માટે લાયસન્સ અપાતું હોવાથી અને તેનાથી પર્યાવરણને નુકશાન થતું હોવાની રજૂઆત કરવામાં આવી હતી. પર્યાવરણને નુકશાન થતું અટકાવવા માટે સર્વોચ્ચ અદાલતે યોગ્ય આદેશો જારી કર્યા હતા. **એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈંડિયાના કેસમાં** દિલ્હીના ભયજનક 168 ઉદ્યોગોને બંધ કરીને દિલ્હી બહાર ખસેડવાનો હુકમ કરાયો હતો. આ ઉદ્યોગો તા. 30-11-'96ના રોજથી બંધ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ ઉદ્યોગોના કામદારોનાં હિતો અને લાભોના રક્ષણ માટે પણ સર્વોચ્ચ અદાલતે યોગ્ય હુકમ જારી કર્યા હતા. **વેલોર સિટીઝન્સ વેલફેર ફોરમ વિ. યુનિયન ઓફ ઈંડિયાના કેસમાં** તમિલનાડુ રાજ્યમાં કેટલાંક ચામડાનાં કારખાનાંઓ તથા ઉદ્યોગોથી થતા પ્રદૂષણ તરફ એક જાહેર હિત્ની અરજીથી અદાલતનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ પ્રદૂષણ ખેતરો, કૂવાઓ, જમીનો, નદીઓને દૂષિત કરતું હતું. તેનાથી જમીનો અને કૂવાઓ માનવ વપરાશને લાયક રહ્યા ન હતા. સર્વોચ્ચ અદાલતે આ કેસમાં ઠરાવ્યું કે દેશના વિકાસમાં ઉદ્યોગો ઘણો મહત્વનો ભાગ ભજવે છે. પરંતુ જે ઉદ્યોગોથી જીવસૃષ્ટિ, પર્યાવરણને નુકશાન થતું હોય અને લોકોના આરોગ્યને હાનિ પહોચતી હોય, તેવા ઉદ્યોગો ચાલુ રાખવા દઈ શકાય નહીં. આ કેસમાં "Sustainable Development" અને "Polluter Pays" ના સિધ્ધાંતો રજૂ કરાયા હતા. અદાલતે આ ઉદ્યોગો બંધ કરવા આદેશ કર્યો હતો, સિવાય કે પ્રદૂષણ નિયંત્રણ તરકીબો અપનાવવામાં આવે. આ ઉદ્યોગો 15 ડિસે. 1996 થી બંધ કરીને દરેક ઉદ્યોગને રૂ. 10,000 દંડ કરાયો હતો.

**નર્મદા બચાવો આંદોલન વ. વ. વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને બીજા કેસમાં** નર્મદા ડેમ પ્રોજેક્ટે અને તેના બાંધકામ સામે વિરોધ દર્શાવતાં એવું જણાવાયું કે આ બંધના બાંધકામથી ત્યાં રહેતા આદિવાસીઓને હટવું પડશે. તેથી બંધારણના અનુચ્છેદ 21 હેઠળના તેઓના મૂળભૂત અધિકારનો ભંગ થશે. તો અદાલતે ઠેરવ્યું કે, નર્મદા પ્રોજેક્ટ રાષ્ટ્રીય હિતમાં છે. આથી ત્યાં રહેતા લોકોને ત્યાંથી હટાવવામાં આવશે તો તેમના મૂળભૂત અધિકારોનો ભંગ થશે નહિ. એ લોકોનો જ્યાં પુનઃવસવાટ કરાવવામાં આવશે ત્યાં તેમને જમીન ફાળવવામાં આવશે.

### ૫. અનુ. 32 અને અનુ. 226

આમ તો ઉપર અનુ. 21 હેઠળના જે કેસો આપણે જોયા, તે એક યા બીજી રીતે કાં તો અનુ. 32 અને અનુ. 226 હેઠળના જ કેસો મોટેભાગે હોઈ શકે છે. **ટી. એન. ગોવર્ધનરામ વિ. યુનિયન ઓફ ઈંડિયાના કેસમાં** સર્વોચ્ચ અદાલતે જંગલોના રક્ષણ માટે હુકમ કર્યો હતો. ગેરકાયદેસર વૃક્ષ છેદન માટે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાનો પણ આ કેસમાં આદેશ કરાયો હતો. **ભવાની રીવરના કેસ**માં અનુ. 32 અને અનુ. 226 હેઠળ રીટ અરજી કરાઈ હતી. ખાંડ ઉદ્યોગથી નદી અને આસપાસના વિસ્તારોમાં પ્રદૂષણ થતુ હોવાથી તેને રોકવા માટે યોગ્ય આદેશો જારી કર્યા હતા. આ કેસમાં માત્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સંમતિથી વડી અદાલતે રીટ અરજીનો નિકાલ કરેલ હોવાથી વનેસરથી નિકાલ થવા સૂચના આપવામાં આવી હતી. **સ્યુગરકેન જી. એન્ડ એસ. સ્યુગર શેરહોલ્ડર્સ એસોસિએશનના કેસમાં** પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સંમતિથી રીટ અરજીનો કરાયેલ નિકાલ યોગ્ય ન હોવાનું ઠરાવાયેલ હતું.

સર્વોચ્ચ અદાલતે છેક મેનકા ગાંધીના કેસથી ઠરાવેલ છે કે અનુ. 21 ગૌરવપૂર્વક જીવન જીવવાના અધિકારનો સમાવેશ થાય છે. આ કેસમાં ઠરાવાયું છે કે ગૌરવપૂર્વક જીવનમાં પ્રદૂષણમુક્ત જીવનના અધિકારનો સમવેશ થાય છે. સર્વોચ્ચ અદાલતે **એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈંડિયાના કેસમાં** પણ ઠરાવેલ છે કે અનુ. 21 જીવન અને વ્યક્તિ સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકાર (Fundamental right) ગણવામાં આવેલ છે. પર્યાવરણની જાળવણી માટે બાગ-બગીચા અનિવાર્ય ગણાય છે. બાગ-બગીચા માટેની જમીન જો ખાનગી વ્યક્તિને ફાળવી આપવામાં આવે, તો મૂળભૂત અધિકારના ભંગ બદલ તેને અદાલતમાં પડકારી શકાય છે. બેંગ્લોર મેડિકલ ટ્રસ્ટના કેસમાં જાહેર બાગ માટેની અનામત જમીન ખાનગી વ્યક્તિને હોસ્પિટલ બાંધવા માટે ફાળવવામાં આવતાં, અનુ. 32 હેઠળ અદાલતમાં આ નિર્ણય પડકારવામાં આવ્યો હતો. આ કેસમાં ઠરાવાયું કે પર્યાવરણ જાળવણી માટે જાહેર બાગ અનિવાર્ય છે. તેથી આ ફાળવણી રદ કરવા હુકમ કરાયો હતો.

સર્વોચ્ચ અદાલતે રતલામ મ્યુનિસિપાલિટીના કેસમાં આપેલ પર્યાવરણને લગતા નિર્ણય પછી પર્યાવરણ ક્ષેત્રે ન્યાયિક સક્રિયતા (Judicial activism) ની શરૂઆત થઈ. રતલામ શહેરમાં મ્યુનિ. એ બનાવેલ રસ્તાની દક્ષિણ તરફ નવા મકાનો બનાવાયાં હતાં. બે રસ્તાની વચ્ચે એક નાળું હતું. તેમાં ગંદું પાણી હતું. તેની નજીકમાં મદીરા પ્લાન્ટમાંથી ગંદા પદાર્થો અને રસાયણો તે નાળામાં છોડવામાં આવતા હતા. નાળાની આસપાસના લોકો નાળાના કિનારે કુદરતી હાજતેજતા હતા. આ ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ ઘણો વધી ગયો હતો. ત્યાંના રહેવાસીઓએ આ ઉપદ્રવ દૂર કરવા અદાલતને અરજી કરી હતી. અદાલતના મેજિસ્ટ્રેટે રતલામ મ્યુનિ. તેમ જ Town Improvement Trust ને ઉપદ્રવ તાત્કાલિક દૂર કરીને પાકી ગટરલાઈન નાખવા હુકમ કર્યો હતો. અદાલતના આ હુકમને ડિસ્ટ્રીક્ટ સેશન્સ અદાલતે અમાન્ય કર્યો હતો. પરંતુ વડી અદાલતે મેજિસ્ટ્રેટના હુકમને માન્ય રાખ્યો હતો. સર્વોચ્ચ અદાલતે પણ મેજિસ્ટ્રેટનો હુકમ માન્ય રાખી મદીરા પ્લાન્ટને બંધ કરવા હુકમ કર્યો હતો. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે રતલામ મ્યુનિસિપાલિટી તેમજ રાજ્ય સરકાર માટે વિશેષમાં નીચેના આદેશો જારી કર્યા હતા.

૧. શહેર સુધરાઈએ આલ્કોહોલ પ્લાન્ટમાંથી શેરીઓમાં વહેતી ગંદકી અટકાવવી જોઈએ. રાજ્ય સરકારે પણ પ્રદૂષણ અટકાવવા પગલાં લેવા જોઈએ. કોઈપણ ઉદ્યોગ જાહેર આરોગ્યના ભોગે નફો કરી શકે નહીં.
૨. શહેર સુધરાઈએ હુકમની તારીખથી 6 માસમાં સ્ત્રીઓ અને પુરુષો માટે અલગ લેટ્રીંન્સ બાંધવાનાં રહેશે. પાણી તેમજ ગટર વ્યવસ્થા પણ કરવાની રહેશે. દરેક 6 માસના અંતે જાહેર સુધરાઈના અધિકારીએ કામનો અહેવાલ રજૂ કરવાનો રહેશે.
૩. રાજ્ય સરકાર મચ્છરની ઉત્પત્તિ અટકાવવા માટે મચ્છર નાબૂદી વિભાગને ખાસ સૂચના આપશે.
૪. કોઈપણ પ્રકારની ગંદકી અટકાવવા માટે શહેર સુધરાઈ નીકો બાંધશે અને તેને સ્વચ્છ રાખશે.
૫. જો ઉપરના આદેશોનું પાલન ન થાય, તો સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટ જવાબદાર અધિકારીઓ સામે ફોજદારી રાહે પગલાં લેશે.

જો કે આ અગાઉના એક કેસમાં સર્વોચ્ચ અદાલતે બેકરીની ચિમનીમાંથી નીકળતા ધૂમાડાથી આસપાસના લોકોના આરોગ્યને હાનિ થતી હોવાના કારણસર બેકરી બંધ કરવાનો હુકમ કરેલ હતો. સર્વોચ્ચ અદાલતે તે અગાઉ પણ **એક કેસ**માં સ્વચ્છતા જાળવવાની મ્યુનિ.ની પ્રાથમિક ફરજ હોવાનું ઠરાવેલ છે. **રામલાલ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાનના કેસ**માં સરકારી દવાખાના પાસે ગંદુ પાણી ભરાયેલ રહેતું હોવાથી રાજસ્થાન વડી અદાલતે તે તાત્કાલિક દૂર કરી ગટર વ્યવસ્થા કરવાનો આદેશ કરેલ હતો.

**બેંગ્લોર મેડિકલ ટ્રસ્ટ વિ. બી. એચ. મુદ્દમ્યાના કેસ**માં જાહેર બગીચા માટે અનામત રખાયેલ જગ્યા પર બેંગ્લોર ડેવલોપમેન્ટ ઓથોરીટી તરફથી હોસ્પિટલ બાંધવાની મંજૂરી આપવામાં આવી હતી. સ્થાનિક રહિશોએ આ બાબત કાયદા વિરુદ્ધ હોવાની હોવાની રજુઆત કરી હતી. આ કેસમાં ઠરાવાયું કે બગીચો મનોરંજન નહીં, પરંતુ જરૂરિયાત છે. તેથી આ કેસમાં અનુચ્છેદ 32 હેઠળની રીટ મંજૂર કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે મ્યુનિસિપલ કોર્પોરેશન વિ. એડવાન્સ બિલ્ડર્સ પ્રા.લી. ના કેસમાં ઠરાવેલ છે કે વિકાસ અને આયોજન બંને જાહેર જનતાના લાભ માટે હોય છે. સ્થાનિક સંસ્થાએ સ્વચ્છતા અંગેની પોતાની ફરજો નિભાવવી જોઈએ.

**વી. લક્ષ્મીપતિ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક કેસમાં** વસવાટ માટે અનામત રખાયેલ વિસ્તારમાં સરકારે કારખાનું નાખવાની મંજૂરી આપીને Karnataka Town And Country Planning Act, 1961 નો ભંગ કર્યો હતો. અરજદારે જાહેર હિતની અરજી કરતાં, કર્ણાટક વડી અદાલતે આ પરવાનગી પ્રમાણપત્રને રદબાતલ અને અનુ. 21 નો ભંગ ગણાવી ગેરકાયદેસર જાહેર કરેલ. આ કેસમાં કર્ણાટક વડી અદાલતે પર્યાવરણ પ્રદૂષણના જોખમ બાબતમાં વિગતવાર ચર્ચા કરી હતી. આ કેસમાં ઠરાવાયેલ કે પર્યાવરણની જાળવણી માટે ભાવિ પેઢીઓને શુદ્ધ હવા, પાણી, હરિયાળી જમીન અને ખુલ્લા મેદાનોનો વારસો મળવો જોઈએ. પર્યાવરણ જાળવણી બંધારણીય પ્રાથમિકતા છે. **અંબિકા ક્વોરી વર્કસ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસ**માં પણ સર્વોચ્ચ અદાલતને પર્યાવરણની જાળવણી કરવાની રાજ્યની ફરજ પર ભાર મૂક્યો હતો. વનવિનાશથી થતા સૃષ્ટિસંતુલન જાળવી રાખવા માટે ભાડાપટ્ટા તાજા કરવાના નિર્ણયને અદાલતે અનુમતિ આપી ન હતી. **ટી. દામોદરરાવ વિ. સ્પેશિયલ ઓફિસર, મ્યુનિ. કોર્પોરેશન હૈદરાબાદના કેસ**માં આનંદપ્રમોદ માટે અનામત રખાયેલ જમીનમાંથી અમુક ભાગ રહેઠાણ માટે આવકવેરા ખાતાને તેમ જ જીવન નિગમને વેચવામાં આવ્યો હતો. આસપાસના વિસ્તારમાં વસતા લોકોએ અનુ. 226 હેઠળ અરજી કરી બંધકામ અટકાવવાની માંગણી કરી હતી. તેમની રજૂઆત એવી હતી કે શહેરમાં ખુલ્લી જગ્યાનો અભાવ હોવાથી આરોગ્ય જાળવવાનું મુશ્કેલ થયેલ છે. આનંદપ્રમોદ માટેની અનામત જગ્યાથી પર્યાવરણનું સંતુલન જળવાય છે. આવા હેતુ માટે અનામત રખાયેલ જમીન પર જો રહેઠાણ બાંધવામાં આવે, તો અનુ. 21 નો ભંગ થાય. અદાલતે અનુ. 21 નો ભંગ થતો હોવાનું ઠરાવ્યું હતું.

નર્મદા બચાવો આંદોલનના કેસમાં જ અદાલતે બંધારણના અનુચ્છેદ 32 અને 226 હેઠળ ન્યાયિક પુનરાવલોકનની મર્યાદાઓ દર્શાવતાં જણાવ્યું કે અદાલત સરકાર ચલાવી શકે નહિ કે સત્તાના બિનાઉપયોગ કે ગેરઉપયોગને છૂટથી ચલાવી લઈ શકે નહિ અને તેનાથી છટકી જઈ શકે નહિ. કાયદાના સિદ્ધાંતોનું જાહેર હિતમાં પાલન થાય તે રીતે અદાલતે ન્યાયિક અને પરવાનગીપાત્ર મર્યાદાઓમાં રહીને વર્તવું જોઈએ. અદાલતે સરકારી કામગીરી બજાવવી બજાવવી જોઈએ નહિ કે તેની ફરજો અદા કરવી જોઈએ નહિ.

## ૬. અનુ. 48A અને 51A

**બંધારણમાં 42માં સુધારાથી ઉપર્યુક્ત બંને અનુચ્છેદો નવા ઉમેરાયા છે.** આ બંને અનુચ્છેદોનો પાઠ (Text) ઉપર આપેલા છે. અનુ. 48A હેઠળ પર્યાવરણની સુરક્ષા અને સુધારણા માટે તથા દેશનાં વનોની અને વન્ય પ્રાણીઓની જાળવણી માટે રાજ્યે પ્રયત્ન કરવાની ફરજ નક્કી કરાયેલ છે. આ અનુ. (48A) માર્ગદર્શક સિદ્ધાંતોના પ્રકરણમાં આવે છે અને તે બિનન્યાયક્ષમ (Non-justiceable) છે. બંધારણ અગાઉ Indian Forest Act, 1927 અસ્તિત્વમાં છે. ત્યારબાદ સ્વાતંત્ર્ય પછી વન્ય (જાળવણી) ધારો, 1980 અને વન્ય પ્રાણી સંરક્ષણ ધારો, 1972 આપણે ત્યાં ઘડાયો છે. એટલે કે વનો અને વન્ય પ્રાણીની સુરક્ષા જાળવવાનું કામ રાજ્યે કાયદો ઘડીને કર્યું છે. આ કાયદા હેઠળ રાજસ્થાનનાં જંગલોમાં હરણોના શિકાર બદલ જાણીતા અભિનેતા શ્રી સલમાનખાનની ધરપકડ કરાઈ હતી અને તેની સામે કાર્યવાહી

ચાલી રહી છે. પર્યાવરણ જાળવણી માટે પર્યાવરણ (સુરક્ષા) ધારો 1986 અમલમાં લાવવામાં આવેલ છે. પ્રદૂષણ મુક્ત હવા અને પાણી જનતાને મળી રહે તે હેતુથી પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) ધારો, 1974 તથા હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) ધારો, 1981 અમલમાં લાવવામાં આવ્યા છે.

અનુ. **51Aમાં** નાગરિકોની મૂળભૂત ફરજો (Fundamental Duties) વિશે જણાવવામાં આવેલ છે. તે મુજબ વન, નદી, નાળાં, સરોવરો, વન્ય પ્રાણીઓ તથા કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવસૃષ્ટિ તરફ કરૂણા દર્શાવવાની ભારતીય નાગરિકોની ફરજ દર્શાવવામાં આવેલ છે. એલ. કે. કુલવાલ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાનના કેસમાં અનુ. 21 ની સાથે અનુ. 51A ની ચર્ચા કરાયેલ છે. આ કેસમાં અદાલતે જણાવેલ છે કે અનુ. 51A આમ જોઈએ તો નાગરિકોની ફરજ છે. પરંતુ વાસ્તવમાં તે નાગરિકોનો અધિકાર છે. જયપુર શહેરમાં આરોગ્યની સ્થિતિ ઘણી ગંભીર હોવાનું ઠરાવી, આ કેસમાં શહેર 6 માસમાં સ્વચ્છ કરવાનો કરવાનો આદેશ કરાયો હતો. આ કેસમાં ઠરાવાયું કે રાજ્ય પોતાની ફરજોનું યોગ્ય પાલન કરે તે જોવા માટે અદાલતને ફરિયાદ કરવાનો અનુ. 51A થી લોકોને અધિકાર અપાયો છે. આરોગ્ય બાબતોમાં રાજ્યની કામગીરી જાણવાનો દરેક નાગરિકને અધિકાર છે. શહેરમાંથી ગંદકી દૂર કરવાની રાજ્યની પ્રાથમિક ફરજ છે. આવી ફરજના પાલન માટે કર્મચારીગણ અપૂરતું હોવાની દલીલ આ કેસમાં સ્વીકારવામાં આવી ન હતી.

**અભિલાષ ટેક્ષટાઈલ વિ. રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના કેસમાં** પણ ગુજરાત વડી અદાલતે અનુ. 51A (જી) હેઠળની ફરજ ઉપર ભાર મૂકેલ હતો. આ કેસમાં રાજકોટમાં 165 અરજદારો વિવિધ સ્થળોએ ડાઈંગ અને પ્રિન્ટિંગનો વ્યવસાય કરતા હતા. તેઓ કારખાનામાંથી ગંદુ પાણી જાહેર ગટરમાં રસ્તા પર થઈને છોડતા હતા. આથી મ્યુ. કમિશ્નરે પાણી શુદ્ધ કર્યા બાદ છોડવાની 7 દિવસની મુદતની નોટિસ આપી હતી. અરજદારોએ અનુ. 226 હેઠળ રીટ અરજી કરી જણાવ્યું કે તેઓ 20-25 વર્ષથી ધંધો કરતા હતા અને તેનાથી 20 થી 30 હજાર પરિવારોને રોજી મળતી હતી. નોટીસને તેમણે અનુ. 19 (1) (જી) નો ભંગ ગણાવી હતી. વડી અદલતે આ દલીલો સ્વીકારી ન હતી, અને અનુ. 51A (જી) હેઠળની ફરજની અરજદારોને યાદ અપાવી હતી. આ કેસમાં ઠરાવાયું કે અરજદારોએ પોતાનો ધંધો ચાલુ રાખવો હોય, તો પાણી શુદ્ધ કરવું જ જોઈએ. જાહેર આરોગ્યને નુકશાન થાય તે રીતે ધંધો કરવા દઈ શકાય નહીં. રાજકોટ જિલ્લાના જેતપુર ડાઈંગ પ્રિન્ટિંગના અનેક કરખાના આવેલા છે. આ કારખાનાઓમાંથી છોડાતું ગંદુ પાણી નદીમાં વહેવડાવવામાં આવતું હતું. તેથી શહેર અને આસપાસના ગામોમાં જળ પ્રદૂષિત થતું હતું. ગુજરાત વડી અદાલતે જેતપુર શહેરનાં આવાં કારખાનાંઓ બંધ કરવા ગયા વર્ષે આદેશ જારી કર્યો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના મરોડિયા ગામે પણ એક કારખાનાને આજ કારણસર બંધ કરવા ગુજરાત વડી અદાલતે આદેશ કર્યો હતો.

ઈન્ટેલેક્ચ્યુઅલ્સ ફોરમ, તિરૂપતિ વિ. સ્ટેટ ઓફ એ. પી. ના કેસમાં બે ઐતિહાસિક તળાવોની સુરક્ષાનો પ્રશ્ન હતો. સરકારે આશરે 500 વર્ષ જૂના આ તળાવોને તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમ અને એ.પી હાઉસિંગ બોર્ડને મકાનો બાંધવા માટે વેચવાનો નિર્ણય કરેલ હતો. આ તળાવોને સિંચાઈ માટે જ નહીં, પરંતુ જમીનનુ તળ રીચાર્જ કરવા માટે તેનજ તિરૂપતિ આસપાસના ગામડાઓમાં પણ પાણી પૂરું પાડવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો. સર્વોચ્ચ અદાલતે આ કેસમાં ઠરાવેલ છે કે બંધારણ અનુચ્છેદ **48A અને** અનુચ્છેદ 51A (જી) મુજબ પર્યાવરણ જાળવવાની જવાબદારી રાજ્ય તેમ જ દરેક નાગરિકની છે. એટલું જ નહી રાજ્યે કાયદાઓ ઘડતી આ અનુચ્છેદોનો ખ્યાલ રાખવો જોઈએ. સર્વોચ્ચ અદાલતે વધુમાં એમ પણ ઠરાવેલ છે કે અનુચ્છેદ 14 અને અનુચ્છેદ 21 નું કાર્યક્ષેત્ર સમજતી વખતે

પણ આ અનુચ્છેદો ધ્યાનમાં લેવાવા જોઈએ. સર્વોચ્ચ અદાલતે એક અર્થમાં અનુચ્છેદ 48A અને અનુચ્છેદ 51Aની મૂળભૂત અધિકારોનો દરજ્જો આપ્યો છે. એક તરફ આ બંને તળાવોની જાળવણી સિંચાઇ, જમીનનું તળ જાળવવા, તિરૂપતિ તેમજ આસપાસના ગામોના લોકોને પીવાના પાણીની જરૂરિયાત અર્થે જરૂર હતી. બીજી તરફ વધતી વસ્તી, શહેરોમાં સ્થળાંતર, તિરૂપતિમાં યાત્રાળુઓના સતત ધસારાને પહોંચી વળવા માટે મકાનોનું બાંધકામ પણ જરૂરી હતું. આ બંને જરૂરિયાતો વચ્ચે સમતોલન સાધતાં સર્વોચ્ચ અદાલતે ઠરવેલ છે કે કદાચ બાંધકામ પ્રવૃત્તિ હાથ ન ધરાય તો તેનાથી કોઇ આશ્રય વિહોણું રહેવાનું નથી. માત્ર વિકાસના એરાદાથી કુદરતી સંસાધનોના વિનાશની મંજૂરી આપી શકાય નહીં.

## સંદર્ભ સૂચી


1. ભારતનું બંધારણ
2. પર્યાવરણના કાયદાઓ
3. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ
   સાલ્વા એન્ડ એસોસીએટ્સ વિ. નેશનલ ટેરીટરી ઓફ દિલ્હી
   શૈલેષ શાહ વિ. સ્ટેટ ઓફ ગુજરાત
   સુભાષકુમાર વિ. સ્ટેટ ઓફ બિહાર
   શ્રી રામ ફૂડ એન્ડ ફર્ટિલાઈઝર કેસ
   એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઇંડિયા
   કાઉન્સિલ ફોર એન્વાયરો લીગલ એક્શન વિ. યુનિયન ઓફ ઇંડિયા
   વેલોર સિટીઝન્સ વેલફેર ફોરમ વિ. યુનિયન ઓફ ઇંડિયા
   નર્મદા બચાવો આંદોલન વ. વ. વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને બીજા
   ટી. એન. ગોવર્ધનરામ વિ. યુનિયન ઓફ ઇંડિયા
   બેંગ્લોર મેડિકલ ટ્રસ્ટ વિ. બી. એચ. મુદ્દમ્યા
   અભિલાષ ટેક્ષટાઇલ વિ. રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન
   ઇન્ટેલેક્ચ્યુઅલ્સ ફોરમ, તિરૂપતિ વિ. સ્ટેટ ઓફ એ. પી.